# "A Critical Study of Dhirendra mehta's Literary and critical works"

"ધીરેન્દ્ર મહેતાના સર્જન વિવેચન કાર્યનો સમીક્ષાત્મક અભ્યાસ"

**A Summary of The Thesis Submitted**

**To**

**The Maharaja Sayajirao University of Baroda., Vadodara.**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં પી.એચ.ડી.ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધ

**FOR THE DEGREE OF**

**DOCTOR OF PHILOSOPHY**

**( IN GUJARATI)**


**Guide :**
**Dr. Bharat C. Pandya**
**Associate Professor**
**Department of Gujarati**
**The Maharaja Sayajirao University of Baroda.,**

**Presented by**

**Anitabahen N. Padariya**

માર્ગદર્શકઃ

ડો. ભરત સી. પંડ્યા

એસોસિએટ પ્રોફેસર

ગુજરાતી વિભાગ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા

રજૂકર્તા :

અનિતાબહેન એન. પાદરિયા

ગુજરાતી ભાષાસાહિત્યમાં ધીરેન્દ્ર મહેતા આમ તો આધુનિક સમયના કથાસાહિત્યકાર તરીકે ખ્યાતિ પામ્યા છે. તેમની કૃતિઓમાં પરંપરાથી જુદી રીતે અને આધુનિકતાના અભિનિવેશ વિના પોતીકી રીતે આગવા મિજાજવાળી રચનાઓ આપે છે. વીસમી સદીના સાતમા આઠમા દાયકામાં જ્યારે સર્જકો આકાર અને રૂપરચનાની વાત કરે છે. ત્યારે ઘીરેન્દ્ર મહેતા સંવેદનની ઉત્કટ અભિવ્યક્તિ સાહિત્યમાં લઈને આવે છે. સર્જકના સમગ્ર ગ્રંથસ્થ સાહિત્ય સર્જનનો અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ સેવ્યો છે. જેથી સર્જકના દરેક પાસાને ન્યાય મળી રહે તે હેતુ થી શોધ નિબંધને છ પ્રકારણ માં વિભાજિત કર્યો છે. પ્રકરણ એકમાં સર્જન જીવનનો સંદર્ભ, બીજામાં સર્જકનું કથાસાહિત્ય ત્રીજામાં કાવ્યવિશ્વ, ચોથા અને પાંચમાં પ્રકરણમાં અનુક્રમે વિવેચન અને સંપાદન કાર્ય તથા છટ્ઠા પ્રકરણમાં અગાઉના પ્રકરણોને ધ્યાને રાખી સર્વાંગી અભ્યાસ આધ્યોં છે.

### ❖ *પ્રકરણ :- ૧ ઘીરેન્દ્ર મહેતા જીવન – સંદર્ભ*

પ્રથમ પ્રકરણમાં સર્જકના વ્યક્તિત્વ અને સાહિત્ય રુચિને ઘડનારા પરિબળોને ધ્યાને રાખી. તેમના જન્મ ઉછેર, કૌટુંબિક વાતાવરણ, વિદ્યાભ્યાસ દરમ્યાન થયેલા અનુભવો, તેમની વાંચનરુચિ, પ્રત્યક્ષ કે પરોક્ષ વ્યક્તિ વિશેષોના સર્જક ચેતના પર પ્રભાવ વગેરે જેવા પાસાઓની સંક્ષિપ્ત ચર્ચા કરી છે. તે માટે સર્જકની કેફિયત અને અંગત મુલાકાતનો આધાર-સામગ્રી રૂપ ઉપયોગ કર્યો છે.

### ❖ *પ્રકરણ:- ૨ ધીરેન્દ્ર મહેતાનું કથાસાહિત્ય :*

પ્રસ્તુત પ્રકરણનો ઘીરેન્દ્ર મહેતાના કથાસાહિત્યને તેના સ્વરૂપ પ્રમાણે ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરી. નવલકથા, લઘુનવલ, વાર્તા ત્રણેય સ્વરૂપમાં સર્જનકાર્ય કર્યું છે. આ ત્રણેય સ્વરૂપ વિશે તેઓ આંતરિક ભેદને સ્વીકારે છે. કથાસાહિત્યના સર્જક તરીકે તેમણે હંમેશા માનવમન અને માનવસંબંધોને આલેખ્યા છે. વિષયવસ્તુની નાવીન્યતા સાથે તેઓ પાત્રપ્રધાન કૃતિ સર્જન કરતા રહ્યા છે. જેમ કે; 'ચિહ્ન', દિશાંતર' જેવી કૃતિ પાત્રપ્રધાન બની રહે છે. બંનેમાં આવતા પાત્રોમાં સ્થિતિ સામ્યતા જોવા મળે છે. પરંતુ તેમના ચિતપ્રદેશોનો ઉઘાડ ભિન્ન છે. 'ચિહન' કૃતિમાં સર્જક જીવન

અનુભવનો જીવનવૃતાંત આલેખ્ય વિષય છે. જેમાં આત્મકથનાત્મક શૈલીનો ઉપયોગ જોવા મળે છે. આ નિરૂપણરિતીનો ઉપયોગ કરતા તેમાં આત્મકથાના અંશો ઉમેરાય ન જાય તે અર્થે સજાગ્ર રહ્યા છે. 'દિશાંન્તર'માં સર્વજ્ઞના કથનકેન્દ્રથી રચાતી કૃતિમાં પાત્રના મનોગત દ્વારા કથા વહન કરે છે. આમ સર્જકની 'વલય'થી માંડીને 'છાવણી' સુધીની દરેક કૃતિની અહીં ચર્ચા કરવામાં આવી છે. આ સાથે તેમની લઘુનવલ સ્વરૂપની પાંચ કૃતિની ચર્ચા કરવામાં આવી છે. તથા મારા શોધકાર્ય દરમ્યાન સર્જકનો ચોથોસંગ્રહ પ્રકાશિત થયો તેનો પણ અહીં સમાવેશ કર્યો છે. તેમની વાર્તાઓમાં વિષય નાવીન્ય જોવા મળે છે. સ્ત્રીના ભિન્ન સ્વરૂપો, દામપત્યજીવન, પ્રણય-વૈફલ્ય પ્રસંગો, વૃદ્ધોની એકલતા અને શારીરિક રુગ્ણતા જેવા અનેક વિષયો નિરૂપ્ય બન્યા છે. તેમની વાર્તાઓમાં પ્રતીતિજનકતાની મર્યાદાઓ સાથે નોંધે છે. સર્જકની લાઘવ કળા કયારેક ઉપકારક તો કયારેક દોષ ઉપસાવી જાય છે. તે કૃતિ ચર્ચામાં વણી લીધું છે.

❖ ***પ્રકરણ – ૩ ધીરેન્દ્ર મહેતાનું કાવ્ય વિશ્વ*** :

પ્રસ્તુત પ્રકરણમાં ધીરેન્દ્ર મહેતાની કવિ તરીકે પ્રતિભા વિષયક ચર્ચા તેમના બે કાવ્યસંગ્રહ અને એક બાળકાવ્યસંગ્રહ આધારે કરી છે. તેમના કાવ્યોનું વિષયવસ્તુ, કાવ્યસ્વરૂપો અને તેમના ભાષાકર્મને આધારે પ્રસ્તુત કાવ્યસંગ્રહોની ચર્ચા કરી છે. તેમના ભૂકંપ વિષયક કાવ્યોમાં અનુભવની તીવ્રતા મૂર્તરૂપ પામતી જોવા મળે છે.

❖ ***પ્રકરણ – ૪ ધીરેન્દ્ર મહેતાનું વિવેચન સાહિત્ય :***

પ્રસ્તુત પ્રકરણમાં ધીરેન્દ્ર મહેતા વિવેચનકાર્યની ચર્ચા કરી છે. મારા અભ્યાસ દરમ્યાન તેમના વિવેચનના 'દર્શક અને બીજા વિશે સર્જક – અષ્ટક', 'ઉમાશંકર મારા આભલામાં પુસ્તકો પ્રકાશિત થયા તેનો સમાવેશ કરવામાં આવે છે. તેમને પ્રત્યક્ષ વિવેચન કાર્ય કર્યું છે. તથા તેમના વિવેચનાત્મક પુસ્તકોને સાહિત્યસ્વરૂપને આધારે વર્ગીકૃત કરીને તેની ચર્ચા કરી છે.

❖ <u>*પ્રકરણ – ૫ ધીરેન્દ્ર મહેતાનું પ્રકીર્ણ – સાહિત્ય :*</u>

પ્રસ્તુત પ્રકરણમાં ધીરેન્દ્ર મહેતાના સંપાદનકાર્યની ચર્ચા તેમના પુસ્તકોને આધારે કરવામાં આવી છે. તેમણે મોટેભાગે કચ્છ પ્રદેશના કથા સ્વરૂપોને લઈને રસપ્રદ સંપાદનકાર્ય હાથ ધર્યું છે.

❖ <u>*પ્રકરણ – ૬ ઉપસંહાર :*</u>

ધીરેદ્ર મહેતાના સમગ્ર સાહિત્યના અવલોકન માંથી ફલિત થાય છે તેમના કથાસાહિત્યમાં ઘટના, ચરિત્ર, વાતાવરણ અને વર્ણન જેવા કથાતત્વ ને પોષક એટલે રસને ટકાવી રાખનારા તત્વોનો પરિહાર કર્યા વિના પણ તેમને મન પ્રયુક્તિ પહેલા સંવેદન રહ્યું છે તેથી તેઓ તેમના પુરોગામી, સમકાલીન અને અનુગામી લેખકો કરતા કંઇક જુદું જ વ્યક્તિત્વ ધરાવે છે તેમનું સર્જન કેવળ પરંપરાગત ઢાંચામાં ગોઠવાઈ શકે તેમ નથી પરંતુ એમાં  કંઈક વિશિષ્ટતા નજરે પડે છે. તેમનું આંતરિક મનોબળ સૌથી પ્રથમ આકર્ષે છે.

આ શોધનિબંધના પ્રકરણમાં આલેખ્યા મુજબ સાહિત્ય ક્ષેત્રે પોતાનું પ્રદાન નોંધવાનો ઉદ્દેશથી લેખન પ્રવૃત્તિ આદરી નથી. તેમના સાહિત્યમાં માનવીય મનની એકલતા છે અને માનવીય સંબંધોની ગૂંચને તેઓ નિરૂપવા મથ્યા છે ત્યારે જીવન પ્રત્યેની શ્રધ્ધા પણ જોવા મળે છે. આમ  કહી શકાય કે સર્જકનો  દ્રષ્ટિકોણ જીવનવાદી રહ્યો છે. તેથી સમગ્ર માનવજીવનને લક્ષ્ય સ્થાને રાખી એમને વિધ વિષયોને સ્પર્શ્યા છે.

1. સર્જક સાથેનો સંવાદ
2. બે- લેખ (૧) ‘વળામણા’ અને (૨) ‘બત્રીસ પૂતળીની વેદના’
3. ગ્રંથ પ્રકાશન સૂચિ
4. સંદર્ભ સામયિક લેખ સૂચિ
5. સંદર્ભ ગ્રંથ સૂચિ